દાખલ તારીખ : ૦૫.૦૨.૨૦૨૬
નોધ્યા તારીખ : ૦૫.૦૨.૨૦૨૬
ફેસલ તારીખ : ૦૭.૦૫.૨૦૨૬
સમય ગાળો વ.૦૦, મા. ૦૩, દિ.૦૨

મહે.ખેડાના અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ખેડા.

**ક્રિ.કે.નં.૫૦/૨૦૨૬**
આંક : ૧૬

**ફરિયાદી :–**

**આલેરસુલ શફીમીયા કાજી,**
ઉ.વ.૫૩, ધંધો : વેપાર/રીક્ષા ડ્રાઈવીંગ,
રહે.મોટી ભાગોળ, માતર, તા.માતર, જી. ખેડા.

**વિરુધ્ધ.**

**તહોમતદાર :–**

**શકિતવિજય બલવંતસંગ રાવલ,**
ઉ.વ.પુખ્ત, ધંધો: વેપાર,
રહે.દરબાર ફળીયુ, અજીતસિંહ વાઘેલાના બંગલા સામે,
મું.ભેરાઈ, તા.જી.ખેડા.

**બાબત :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ**

**ફરિયાદ પક્ષે વિધ્વાન વકીલ શ્રી એસ.એન.શેખ**
**આરોપી પક્ષે વિધ્વાન વકીલ શ્રી વી.ડી.પારેખ**

## // ચુકાદો //

૧.. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી માતર મુકામે રહી વેપાર તથા રીક્ષા ડ્રાઈવીંગ કરી જીવન ગુજરાન ચલાવતા આવેલ છે. આરોપીના ભાઈ તથા આરોપી પોતે રીક્ષા ચલાવતા હોવાથી એકબીજાના પરિચિત હોય અને પરસ્પર લાગણીના સારા સંબંધ ધરાવે છે. આશરે ચારેક માસ અગાઉ આરોપીને અંગત કામ સારૂ અચાનક નાણાંની જરૂર પડતાં ફરિયાદી પાસે રૂા.૯૬,૦૦૦/-પુરા(અંકે રૂપિયા છન્નુ હજાર પુરા) હાથઉછીના માંગતા અને ફરિયાદી પાસે સગવડ હોઈ આરોપીની માંગણી મુજબની રકમ રૂા.૯૬,૦૦૦/-પુરા હાથઉછીના આપેલ જે રકમ સ્વીકારતી વખતે આરોપીએ ત્રણ માસમાં પરત કરવાનો વાયદો કરેલ. ત્યારબાદ આરોપીએ વાયદા મુજબ રકમ પરત ન કરતાં તેની પાસે સદર હાથઉછીની રકમની ઉઘરાણી કરતાં સદર રકમ પરત કરવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો એકસીસી બેન્ક, સોંખડા શાખાનો ચેક નં.૧૧૭૬૯૫ વાળો રૂા.૯૬,૦૦૦/- પુરાનો પાકતી તા.૦૩.૧૨. ૨૦૨૫ ના રોજનો ફરિયાદીને આપેલ અને તે વખતે પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં રજુ કરેથી તમારા લેણાં નાણાં મળી જશે. જેથી, આરોપીના આપેલ વિશ્વાસ અને ભરોસા આધારે આરોપીએ આપેલ સદર ચેક ફરિયાદીએ તેમના બેન્ક ખાતામાં યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા, ખેડા શાખામાં સ્વીકરાવવા રજુ કરતાં સદર ચેક ''એકાઉન્ટ કલોઝના''ના શેરા સાથે વગર સ્વીકરાયે તા.૨૪.૧૨.૨૦૨૫ ના રોજ પરત ફરેલ. જેથી આરોપીએ આપેલ ચેકમાં જણાવ્યા મુજબના નાણાં ફરિયાદીને નહી મળતાં ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને તા.૦૮.૦૧

.૨૦૨૬ ના રોજ નોટિસ આપેલ જે નોટિસ આરોપીને તા.૦૯.૦૧ .૨૦૨૬ ના રોજ બજી ગયેલ હોવાછતાં આરોપી નોટિસની સમય મર્યાદામાં નોટિસ મુજબ વર્તેલ ન હોવાથી ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ હાલની આ ફરિયાદ દાખલ કરેલી છે.

**૨..** સદરહું ફરિયાદનાં અનુસંધાને જરૂરી ઈન્કવાયરી કરી ફરિયાદ રજીસ્ટ્રરે કરવાનો તથા આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો સમન્સ ઈસ્યુ કરવાનો આ કામે હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ધોરણસરનો સમન્સ બજી જતાં આરોપી જાતે અત્રેની અદાલતમાં હાજર થયેલ છે. ધોરણસરની ફરિયાદ તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપીની આંક–૦૮ થી પ્લી લેવામાં આવેલી છે. જેમાં તેઓએ ફરિયાદ મુજબનો ગુનો કબુલ નથી તેવું જણાવતાં આ કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલી છે.

**૩..** આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવાઓ :–</u>**

(૧) આંક–૦૫ થી ફરિયાદી આલેરસુલ શફીમીયા કાજીની સો.ઉ.ની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

(૧) આંક–૦૯ થી આરોપીએ આપેલ અસલ ચેક નં.૧૧૭૬૯૫.

(૩) આંક–૧૦ થી ચેક રિટર્ન મેમો અસલ.

(૪) આંક–૧૧ થી આરોપીને આપેલ માંગણા નોટિસની સ્થળપ્રત.

(૫) આંક–૧૨ થી નોટિસ રજી.પો.કર્યા અંગેની વિન્ડો રીસીપ્ટ.

(૬) આંક–૧૩ થી નોટિસ બજયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેક કન્સાઈન્મેન્ટ રિપોર્ટ.

**૪..** આ સિવાય અન્ય કોઈ પુરાવો ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી અને આંક–૧૪ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં ફરિયાદપક્ષનો વધુ પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે. રજુ થયેલ પુરાવા આધારે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવે છે કે તેઓની સામે ખોટો કેસ કરેલ છે. આરોપીએ સોગંદઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલ નથી.

**૫..** ત્યારબાદ, આ કામે ફરિયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.એન.શેખની તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૬..** ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત છે.

૧. શું ફરિયાદી પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરિયાદીએ વટાવ ખત અધિનિયમની કલમ ૧૩૮ તથા કલમ ૧૪૨(૧)ની આદેશાત્મક જોગવાઈઓને અનુસરીને હાલની ફરિયાદ કરેલી છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદી ને કાયદેસરના લેણાં પેટે હાલનો ચેક આપી ખાતામાં પુરતુ બેલેન્સ નહી રાખી ચેક પરત

ફેરવાડાવીને વટાવ ખત અધિનિયમન ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે ?

૩. શું હુકમ ?

**૭..** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

૮.. **મુદ્દા નંબર ૧ ની ચર્ચા :–**

૮.૧. સદરહું મુદ્દા બાબતે ફરિયાદીના વિધ્વાન વકીલશ્રી એસ.એન. શેખએ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકત આધારે ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે હાલનો આરોપીએ આપેલ તા.૦૩.૧૨.૨૦૨૫ ના રોજનો ચેક જે સ્વીકરાવવા સારૂ બેન્કમાં જમા કરાવતાં તે '' એકાઉન્ટ કલોઝ'' ના શેરા સાથે વગર સ્વીકરાયે પરત ફરેલ. આમ આરોપીએ આપેલ ચેકમાં જણાવ્યા મુજબની લેણી રકમ ફરિયાદીને વસુલ મળેલ નહી. જેથી, ફરિયાદીએ આરોપીને તા.૦૮.૦૧.૨૦૨૬ ના રોજ સમય મર્યાદામાં રજી.સ્પીડ પોસ્ટથી નોટિસ આપેલી જે નોટિસ તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બજવા છતાં આરોપીએ ચેકમાં જણાવ્યા મુજબના નાણાં ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ ન હોઈ ફરિયાદીએ આરોપી વિરુધ્ધ આંક–૦૧ થી ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરી તેના સમર્થનમાં આંક–૦૫ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલી છે અને તેમાં જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૯૬,૦૦૦/– પુરા અંગત કામ સારૂ રોકડા હાથઉછીના લીધેલ

જે રકમ પરત ચુકવવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો એકસીસ બેન્ક, સોખડા શાખાનો આંક–૦૯ થી રજુ અસલ ચેક નં.૧૧૭૬૯૫ વાળો તા.૦૩.૧૨.૨૦૨૫ ના રોજનો આપેલ જે ચેક આરોપીના કહેવા મુજબ બેન્કમાં જમા કરાવતાં તે આંક–૦૯ થી રજુ રિટર્ન મેમા સાથે વગર સ્વીકરાયે તા.૨૪.૧૨.૨૦૨૫ ના રોજ પરત આવતાં, આંક–૧૧ થી રજુ ડિમાન્ડ નોટિસ આપેલ જે આંક–૧૩ મુજબ આરોપીને બજી ગયેલ છે. આમ સદર ચેક તા.૦૩.૧૨.૨૦૨૫ ના રોજનો છે અને તે ચેક ત્રણ માસની અંદર સમય મર્યાદામાં ભરેલ છે, ત્યારબાદ આંક–૦૯ વાળો ચેક તા.૨૪.૧૨.૨૦૨૫ ના રોજ આંક–૧૦ થી રજુ રિટર્ન મેમા સાથે પરત ફરતા દિન–૩૦ માં તા.૦૮.૦૧.૨૦૨૬ ના રોજ નોટિસ આપેલ છે એટલે કે કાયદેસરની સમય મર્યાદામાં આંક–૧૧ ની નોટિસ આપેલ છે. ત્યારબાદ નોટિસ આરોપીને તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બજી જતા ત્યારથી દિન–૧૫ ની રાહ જોયા બાદ દિન–૩૦ માં ફરિયાદ દાખલ કરવી પડે તે મુજબ હાલની આ ફરિયાદ તા.૦૫.૦૨.૨૦૨૬ ના રોજ સમય મર્યાદામાં ફરિયાદ દાખલ કરી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ છે.

૮.૨. આ કામે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરી સદર બાબતનુ ખંડન કરવા પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં, આરોપી તરફે વકીલશ્રી હાજર હોવા છતાં, આરોપી તરફે ફરિયાદીની કોઈ ઉલટ તપાસ કરવા તૈયાર દર્શાવેલ ન હોય આરોપી તરફેનો ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક આ કામે બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ખુલ્લો કરાવી ફરિયાદીની ઉલટ તપાસ કરવા કોઈ તૈયારી

દર્શાવેલ નથી. આમ આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાના તબકકે આરોપી જાતે તથા તેઓના વિ.વકીલશ્રી હાજર હોવા છતાં ફરિયાદીની ઉલટ તપાસ કરી સદર બાબત પડકારેલ નથી કે તેનુ ખંડણ થયેલ નથી કે આરોપી તરફે નોટિસ બજેલ નથી તેવો કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી કે તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી. ભારતિય પુરાવા અધિનિયમની કલમ ૫૮ મુજબ જયારે એક પક્ષકારે કરેલ કોઈ કથન કે હકીકતનો બીજા પક્ષકાર ધ્વારા ઈન્કાર કરવામાં ન આવે કે તેવી કોઈ હકીકત પરત્વે તકરાર ઉઠાવવામાં ન આવે ત્યારે તેવી હકીકત સ્વીકૃતિ બને છે. વધુમાં આંક–૧૧ થી રજુ નોટિસમાં જણાવેલ સરનામુ આરોપીનુ નથી કે તે સરનામે આરોપી રહેતા નથી તેવી કોઈજ તકરાર આ કામે આરોપી તરફે રેકર્ડ પર આવેલ નથી ત્યારે ખરા સરનામે ટપાલ મોકલવામાં આવેલ હોય તો તે ધંધાના સામાન્ય ક્રમમાં નોટિસ બજેલ છે તેવું પુરાવા અધિનિયમની કલમ ૧૬ અને ૧૧૪(એફ) તથા જનરલ કલોઝીસ એકટની કલમ ૨૭ મુજબ વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી સ્પષ્ટપણે ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવાને પાત્ર થાય છે. વધુમાં **આરોપી તરફે હાલની ફરિયાદ સમય મર્યાદામાં નથી તે બાબતે પણ કોઈજ તકરાર લીધેલ નથી.** આમ રેકર્ડ ઉપરની હકીકતો તથા દસ્તાવેજી પુરાવા જોતાં ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી કરેલ હોવાનું જણાઈ આવતું હોઈ તે મુજબની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ તે મુજબ નિર્ણિત મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

## ૯.. મુદ્દા નંબર ૨ ની ચર્ચા :–

૯.૧. સદરહું મુદ્દા સંદર્ભે ફરિયાદીના વિધ્વાન વકીલશ્રી એસ.એન.શેખે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદીએ આંક–૦૧ ની ફરિયાદ હકીકતના સમર્થનમાં આંક–૦૫ થી પોતાની સોગંદઉપરની જુબાની રજુ કરીને પોતાનો કેસ પુરવાર કરેલ છે. આ કામના ફરિયાદી તથા આરોપી એકબીજા સાથે મિત્રતાના સારા સંબંધ ધરાવતા હોવાથી આરોપીને અંગત કામ સારૂ નાણાંની જરૂર પડતાં ચારેક માસ પહેલાં આરોપીની માંગણી મુજબ રૂા.૯૬,૦૦૦/–પુરા હાથઉછીના આપેલ જે રકમ સ્વીકારતી વખતે આરોપીએ ત્રણ માસમાં પરત કરવાનો પાકો વાયદો કરેલ. ત્યારબાદ આરોપીએ વાયદા મુજબ નાણાં પરત નહી કરતાં આરોપી પાસે સદર હાથઉછીના નાણાંની ઉઘરાણી કરતાં આરોપીએ રૂબરૂ મળી ફરિયાદીની લેણી રકમ રૂા.૯૬,૦૦૦/–(અંકે રૂપિયા છન્નુ હજાર પુરા) ચુકવી આપવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો એકસીસ બેન્ક, સોખડા શાખાનો આંક–૦૯ થી રજુ ચેક નં.૧૧ ૭૬૯૫ વાળો રૂા.૯૬,૦૦૦/–પુરાનો ફરિયાદીના નામનો તા.૦૩.૧૨.૨૦૨૬ ના રોજનો ચેક આપેલ અને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં જમા કરાવેથી તેમાં જણાવ્યા મુજબનાં નાણાં જમા મળી જશે તેવું જણાવતાં ફરિયાદીએ આરોપીના આપેલ વિશ્વાસ અને ભરોસા આધારે સદર ચેક તેમના બેન્ક ખાતામાં યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા, ખેડા શાખામાં જમા કરાવતાં સદરહુ ચેક આંક–૧૦ થી રજુ રિટર્ન મેમા સાથે વગર સ્વીકરાયે '' એકાઉન્ટ કલોઝ'' ના શેરા સાથે પરત ફરતાં, ફરિયાદીને ચેકમાં જણાવ્યા મુજબની રકમ નહી મળતાં

ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને આંક–૧૧ થી રજુ લેખિત નોટિસ આંક–૧૨ મુજબ તા.૦૮.૦૧.૨૦૨૬ ના રોજ આપેલ જે નોટિસ આંક–૧૩ મુજબ આરોપીને તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બજવા છતાં આરોપીએ ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઇ જવાબ આપેલ નથી. આમ આરોપીનો પ્રથમથી ઈરાદો ફરિયાદીના નાણાં ડુબાડવાનો મલીન જણાઈ આવેલ, જેથી હાલની આ આંક–૦૧ મુજબની ફરિયાદ કરેલ છે.

૯.૨.. વધુમાં દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ આપેલ ચેક આરોપીના ખાતે પુરતુ બેલેન્સ ન હોવાથી આરોપીએ તેનુ ખાતુ બંધ કરાવી દેતા સદર ચેક ''એકાઉન્ટ કલોઝ'' ના શેરા સાથે પરત આવેલ હોય આરોપીએ આપેલ ચેક વગર સ્વીકરાયે પરત ફરેલાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ ફરિયાદીનુ આરોપી પ્રત્યેનુ કાયદેસરનુ લેણું પુરવાર થાય છે. જયારે આ કામે આરોપી વકીલશ્રી મારફતે હાજર રહેલ હોવા છતાં સદર બાબતે ફરિયાદીની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી તેમજ આરોપી તરફે આંક–૦૯ થી રજુ ચેક તેમના બેન્ક ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી કે ફરિયાદીનુ તેઓના પ્રત્યે કોઈ કાયદેસરનુ લેણુ નથી તેવી કોઈ જ હકીકત ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન પડકારી પુરવાર કરેલ નથી કે તેવો કોઈજ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. જેથી આરોપી સાથેનો ફરિયાદીનો કાયદેસરનો નાણાંકીય વ્યવહાર સાબિત થતો હોઈ, ધી નેગોશીયેલબ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેક સમગ્ર અથવા અંશત: દેવા પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને તેવો ચેક સમગ્ર દેવા કે તેના ભાગ પેટે આપવામાં આવેલ ન હતો તે સાબિત કરવાની

જવાબદારી આરોપીની છે અને તે આરોપીએ કોજન્ટ પુરાવાથી સાબિત કરવું જોઈએ તે મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરેલ છે. વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ અને ઉદ્દેશ જોતાં આરોપીને સખ્તમા સખ્ત શિક્ષા અને દંડ કરવા અને ફરિયાદીને વળતર અપાવવા માંગણી કરેલ છે.

૯.૩. ફરિયાદપક્ષની ઉપરોકત દલીલ સામે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરિયાદીએ તેમની ફરિયાદ અને સરતપાસના સોગંદનામામાં જણાવ્યા મુજબ આરોપીને મિત્રતાના નાતે રૂા.૯૬,૦૦૦/–પુરા આપેલ હોવાનુ જણાવે છે પરંતુ આરોપીને તેવી રકમ આપેલ હોય તે અંગે કોઈ લેખિત આધાર પુરાવો આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ નથી. વધુમાં જણાવે છે કે આ કામે ફરિયાદી જણાવે છે તેવી કોઈજ રકમ આરોપીએ હાથ ઉછીની લીધેલ નથી કે ફરિયાદીએ હાથ ઉછીની આપેલ નથી, પરંતુ ફરિયાદી પાસેથી અગાઉ વ્યાજે નાણાં લીધેલ તે વખતે સીકયુરિટી પેટે કોરો ચેક આપેલ અને આરોપીએ ફરિયાદી પાસેથી વ્યાજે લીધેલ રકમ વ્યાજ સાથે ફરિયાદીને પરત ચુકવી દીધેલ ત્યારે ફરિયાદીને આપેલ કોરો ચેક પરત માંગતા ફરિયાદીએ કયાંક મુકાઈ ગયેલ હોવાનુ જણાવેલ અને પરત આપેલ નહી. ત્યારબાદ સદર ચેકમાં ફરિયાદીએ પોતાની રીતે રકમ લખી લઈ બેન્કમાં ભરી ચેક પરત ફર્યા અંગેની હાલની આ ફરિયાદ ખોટી રીતે કરેલ છે. વધુમાં જણાવે છે કે, આંક–૦૯ થી રજુ ચેક જોતાં પણ તેમાં સહી તથા બાકીનું લખાણ અલગ અલગ હસ્તાક્ષરમાં છે તે જોતાં પણ સદર કોરા ચેકમાં ફરિયાદીએ પોતાની રીતે લખાણ કરી સહી કરી તે બેન્કમાં ભરી ખોટી રીતે પરત ફરાવી હાલની ખોટી ફરિયાદ કરેલ

છે તે હકીકત રેકર્ડપરના પુરાવા આધારે સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં જણાવે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો હાર્ડ તથા હેતુ ધ્યાને લેતાં ફરિયાદીએ આરોપી પાસેનુ તેઓ જણાવે છે તેવુ લેણું પુરવાર કરવાની જવાબદારી ફરિયાદી ઉપર છે. આ કામે ફરિયાદીએ રજુ કરેલ રેકર્ડ પરના પુરાવા આધારે આવી કોઈજ હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૧૦.. હાલના કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતા અગાઉ કાયદાની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

**કલમ – ૧૧૮ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ વિશે માની લેવાની બાબત :** એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) **દરેક વટાઉખત અવેજ**ને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

(ખ) **તારીખ વિશે:** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરીઆપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) **સ્વીકારના સમય વિશે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **તબદિલીના સમય વિશે :**કોઈ વટાઉખતની દરેક તબદિલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **શેરાઓના ક્રમ વિશે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **સ્ટેમ્પ વિશે :** ખોવાઇ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :** કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ – ૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :</u>**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતિની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,

આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે,

એ) જયાં સુધી, ચેક લખ્યા તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

બી) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ' ત્રીસ દિવસની અંદર ' તે ચેક લખનારને લેખિત નોટિસ આપીને તેવી રકમની ચૂકવણીની માંગણી કરે નહીં, અને

સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટિસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

**<u>સ્પષ્ટીકરણ :</u>** આ કલમના હેતુ માટે ''દેવું અથવા અન્ય જવાબદારી'' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>આમ, ધી નેગોશીયેબ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.</u>

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ પેઈ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને યોગ્ય સમયમાં નોટિસ આપી હોવી જોઈએ.

૪. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ નોટિસ બજયાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઈએ.

**<u>કલમ – ૧૩૯ ચેકના ધારકની તરફેણમાં અનુમાન</u>**

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણચૂકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે.

આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે.

આવું અનુમાન ભારતિય બંધારણના અનુચ્છેદ ૨૦(૩) મારફત આપવામાં આવેલ મૂળભૂત અધિકારને હાનિ કરતું નથી.

**<u>ભારતના પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ–૧૦૧ સાબિતીનો બોજો :–</u>**

જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા

જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનુ અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

૧૧.. હવે ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈઓ તથા રેકર્ડ ઉપરના પુરાવા, ફરિયાદપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો, એક પરતના કેસોમાં નામદાર વરિષ્ઠ તથા સર્વોચ્ચ અદાલત ધ્વારા વિવિધ ચુકાદાઓમાં ઠરાવેલ કાયદાકીય સિધ્ધાંતો વિગેરે ધ્યાને લેતાં કલમ ૧૧૮ તથા કલમ ૧૩૯ મુજબના અનુમાનો પ્રાથમિક રીતે ફરિયાદીની તરફેણમાં કરવાને પાત્ર છે તે અનુમાનોનું ખંડન થવાને પાત્ર છે અને તે અનુમાનોનું ખંડન કરવા પુરતો પ્રાથમિક પુરાવો આરોપીએ રજુ કરવાનો છે તે મુજબ હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો સંજોગો કે જેના ઉપર બચાવપક્ષ આધાર રાખે છે તેના ઉપરથી શું બચાવપક્ષ શકયતાઓની પ્રબળતા(પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) મુજબ કાયદાકીય અનુમાનોને ખંડન કરવા લાયક પ્રાથમિક પુરાવો રજુ કરી શકેલ છે કે કેમ? અને પોતાના ઉપરના પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકેલ છે કે કેમ? તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો સદર કામે આરોપીને નામદાર અદાલતનો સમન્સ બજતા વકીલશ્રી મારફતે હાજર રહેતાં આરોપીની આંક: ૦૮ થી પ્લી રેકર્ડ કર્યા બાદ ફરિયાદીની ધી નેગોશીયેલબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૪૫(૧) અન્વયે રજુ થયેલ લેખિત સરતપાસની જુબાનીમાં ઉલટ તપાસના તબકકે આરોપી વકીલશ્રી સાથે હાજર હોય તેઓને ફરિયાદીની ઉલટ તપાસ કરવા જણાવતાં, આરોપી તરફે ફરિયાદીની કોઇજ ઉલટ તપાસ કરવાની તૈયારી દર્શાવેલ નહી

કે ઉલટ તપાસ મુલતવી રાખવા મુદત અરજી પણ આપેલ ન હોય આ કામે આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વધુ પુરાવો રજુ નહી કરતાં અને પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં, ત્યારબાદ સદર કામ આરોપીનુ એફ.એસ.નોંધવા મુલતવી રાખવામાં આવતાં, એફ.એસ.ના તબકકે આરોપી હાજર રહેતાં આરોપીનુ એફ.એસ.નોંધવામાં આવેલ છે. ત્યારબાદ દલીલના તબકકે ફરિયાદપક્ષે મૌખિક દલીલો કરતાં આરોપી તરફેના વિ.વકીલશ્રી ટી.જે.વાઘેલાએ આરોપી તરફે પોતાનો ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ થયેલ તે આજદિન સુધી ખુલ્લો કરવા અરજી આપેલ નથી કે ઉલટ તપાસ કરવા માંગણી કરેલ નથી અને સ્વૈચ્છાએ પોતાની દલીલો કરેલ છે. આમ આ કામે <u>ફરિયાદીની ઉલટ તપાસ કરવા પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં આ કામે આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ નોંધવાની તક ઝડપેલ નથી કે ફરિયાદીની ઉલટ તપાસ કરી પોતાનો કોઈ વિશેષ બચાવ રેકર્ડ પર લાવી શકેલ નથી.</u> આ કામે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપીએ ઉલટ તપાસ કરવાની તૈયારી ન દર્શાવતાં નાછુટકે આરોપીની ઉલટ તપાસનો હકક અત્રેની કોર્ટ ધ્વારા બંધ કરવામાં આવેલ છે. આમ આરોપીને મળેલ તકનો આરોપીએ લાભ ઉઠાવેલ નથી કે ફરિયાદીની ઉલટ તપાસ કરી પોતાનો બચાવ રેકર્ડ પર લાવી શકેલ નથી.  આ તબકકે  ભારતિય પુરાવા અધિનિયમની કલમ ૫૮ મુજબ જયારે એક પક્ષકારે કરેલ કોઈ કથન કે હકીકતનો બીજા પક્ષકાર ધ્વારા ઈન્કાર કરવામાં ન આવે કે તેવી કોઈ હકીકત પરત્વે તકરાર ઉઠાવવામાં ન આવે ત્યારે તેવી હકીકત સ્વીકૃતિ બને છે. વધુમાં, આરોપી પક્ષે રેકર્ડ

ઉપર એવી કોઈ પણ હકીકત લાવવામાં આવેલ નથી કે જેનાથી નગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કાયદાકીય જોગવાઈ મુજબ ધારકની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું ખંડન થાય.

**૧૨..** આ કામે આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરી પોતાનો સંભવિત બચાવ રેકર્ડ ઉપર મુકેલ નથી અને આરોપીના વિ.વકીલશ્રીએ સીધી જ પોતાની દલીલમાં ફરિયાદપક્ષે આરોપીને કોઈજ હાથઉછીની રકમ આપેલ નથી અને ફરિયાદી પાસેથી અગાઉ વ્યાજે નાણાં લીધેલ તે વખતે સીકયુરિટી પેટે કોરો ચેક આપેલ અને આ કામે ફરિયાદી પાસેથી લીધેલ રકમ વ્યાજ સાથે ફરિયાદીને પરત ચુકવી દીધેલ તે વખતે ફરિયાદીને આપેલ કોરો ચેક પરત માંગતા ફરિયાદીએ કયાંક મુકાઈ ગયેલ હોવાનુ જણાવેલ અને પરત અપેલ નહી. ત્યારબાદ આરોપીનો સીકયુરિટી પેટે લીધેલ કોરા ચેકનો દુરુઉપયોગ કરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ હોવા અંગે દલીલ કરેલ છે જે દલીલ માનવા પાત્ર જણાતી નથી. કારણ કે, આ કામે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરવાની પુરતી તક આપવા છતાં તેવી તક ઝડપેલ નથી કે આરોપી જણાવે છે તેવી કોઈજ હકીકત ફરિયાદી ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે, જેનાથી વટાવખત અધિનિયમની જોગવાઈ મુજબ ધારકની તરફેણમાં અનુમાન કરી શકાય નહી. વધુમાં, ઉપરોકત જણાવેલ કાયદાકીય જોગવાઈઓ મુજબ રેકર્ડ ઉપર રજુ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, <u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટેની જે આવશ્યક શરતો છે તે આવશ્યક શરતો પુરવાર થયેલ છે.</u> આમ, આ કામે સમગ્ર રેકર્ડ લક્ષમાં લેતાં કલમ ૧૩૮ મુજબની તમામ

જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ છે. સમય મર્યાદા બાબતે કોઈ તકરાર નથી.

**૧૩..** કાયદાની ઉપરોકત જણાવેલ જોગવાઈઓ લક્ષમાં લેતાં જયારે કોઈ વ્યકિત ધ્વારા અન્ય વ્યકિતને ચેક આપવામાં આવેલ હોય તો તે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ તે કાયદેસરના નાણાં ચૂકવવા બાબતનો હોવાનું પ્રિઝમ્પશન કરવાનુ રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે અને આ કામે આરોપી તરફે કલમ ૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન પુરતા પુરાવાથી અગર તો પ્રબળતાની શકયતાના આધારે પણ કરેલ હોય તવુ રેકર્ડ ઉપર આવેલ નથી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮,૧૩૯ અનુસાર, એક વખત ચેક દેવાના બદલામાં આપવામાં આવેલ હોય અને ચેક ધારક યોગ્ય રીતે નોટિસ આપે અને આવી નોટિસ બજયા પછી પણ ચુકવણું કરવામાં ન આવે તો ગુન્હો થયેલ છે તેવી ધારણા થાય, જે ધારણાનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે.

**૧૪..** આ કામે ફરિયાદીએ અનુક્રમે આંક–૦૯ થી અસલ ચેક રજુ કરેલ છે જે ચેક વંચાણે લેતાં તેમાંની આરોપીની સહી કે લખાણ અંગે કોઈ તકરાર આરોપી તરફે લેવામાં આવેલ નથી. જેથી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ તે પુરવાર થાય છે. અનુક્રમે આંક–૧૦ થી રજુ થયેલ ચેક રિટર્ન મેમો વંચાણે લેતાં તે બેન્કનાં નિયત ફોર્મમાં અને તેમાં ચેક રિટર્નનું કારણ ''એકાઉન્ટ કલોઝ'' તેમજ તે બેન્ક અધિકારીની સહી તથા રાઉન્ડ સીલવાળો હોઈ અને તેનાથી વિરુધ્ધની કોઈ હકીકત બચાવપક્ષે પુરવાર કરેલ ન હોઈ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૪૬ મુજબ તે પુરાવામાં

ગ્રાહ્ય રાખવા પાત્ર છે. વધુમાં આંક–૦૯ વાળો ચેક એકાઉન્ટ કલોઝના શેરા સાથે પરત ફરેલ છે જેની સામે આરોપી ધ્વારા ચેકવાળુ ખાતુ આજની તારીખે ઓપન હોય અને તે મેઈન્ટેન થતું હોય તેવો વિરુધ્ધનો કોઈજ પુરાવો આ કામે રજુ નથી તેમજ સદર ચેકમાં આરોપીએ પોતાની સહી નથી કે તેમના નામથી બોગસ કે ખોટી સહી ઉભી કરેલ તેવી કોઈ જ તકરાર લીધેલ ન હોય ત્યારે આંક–૦૯ ના ચેકમાં જે સહી છે તે આરોપીની જ છે તે સંજોગોમાં એકાઉન્ટ કલોઝના શેરા સાથે ચેક પરત આવેલ હોય એટલામાત્ર કારણસર ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેનો ગુનો બનતો નથી તેવો આરોપીનો બચાવ/તકરાર માની શકાય તેમ નથી. તદુઉપરાંત આંક–૧૧ ની નોટિસ વંચાણે લેતાં તેમાં ફરિયાદવાળો ચેક પરત થયાનુ અને આ ચેકની રકમ માંગણી કરવામાં આવેલ છે. આ નોટિસ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮(બી) મુજબ હોવાનુ પુરવાર થાય છે. આ નોટિસ આરોપીને ખરા સરનામે રજી.પો.એડી.થી મોકલાવેલ હોય જે કાયદાના પ્રિઝમ્પશન મુજબ બજી ગયેલ છે અને આરોપીએ નોટિસ બજયા બાદ દિન–૧૫ માં આરોપી તરફે ચેકની રકમ ચૂકવી આપેલ હોય તે હકીકત આ કામે રેકર્ડ પર આવેલ ન હોઈ, હાલની આ ફરિયાદ કરવામાં આવેલ છે જે યોગ્ય અને વ્યાજબી હોવાનુ જણાય છે.

**૧૫..** આ કામે રેકર્ડ પરની તમામ હકીકત જોતાં ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ની કાયદેસરની જોગવાઈનુ પાલન કરી હાલની આ ફરિયાદ કરેલ છે, તેવુ સ્પષ્ટ થાય છે અને જયારે ફરિયાદી તરફથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ની કાયદેસરની જોગવાઈનું પાલન કરવામાં આવેલ

છે તેવા સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ માં જણાવેલ કાયદેસરનું પ્રિઝમ્પશન ફરિયાદીની તરફેણમાં થાય અને તે મુજબ આરોપીએ ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે આપેલ છે તેવુ સ્પષ્ટપણે આ ફરિયાદના કામે પુરવાર થાય છે. હવે આ કાયદેસરના પ્રિઝમ્પશનનું ખંડન કરતો પુરાવો આપવાની જવાબદારી આરોપીના શીરે છે, કે જે આ કામે આરોપીએ નિભાવેલ નથી.

**૧૬..** હાલના કેસમાં જોઈએ તો ફરિયાદીની ફરિયાદ તથા રેકર્ડ ઉપરના પુરાવાઓનું ઉપરોકત કરેલ મુલ્યાંકન ધ્યાને લેતાં હાલની ફરિયાદવાળા ચેકના અનુસંધાને આરોપીની જવાબદારી ઠરાવી શકાય તેવુ સ્પષ્ટ થાય છે કારણ કે, આ કામે આરોપીએ લીધેલ બચાવ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ પર લાવેલ નથી કે તે બાબતે કોઈ ઉલટ તપાસ કરી ફરિયાદીએ જણાવેલ સરતપાસની હકીકતનો પડકારેલ નથી. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ૨૦૨૦ એ.આઈ.આર.(સુ.કો.)૯૪૫, એપીએસ ફોરેકસ સર્વિસીસ પ્રા.લિ. વિરુધ્ધ શકિત ઈન્ટરનેશનલ ફેશન લીન્કર્સનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવ્યા મુજબ જયારે આરોપી કોઈ બચાવ લઈ રહેલ છે તો તેવો સંભવિત બચાવ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન મુકવો જોઈએ જો આવા બચાવ સંબંધે કોઈ સવાલ ઉઠાવ્યો ન હોય ત્યારે તેવો લીધેલ બચાવ માની શકાય નહી. આ કામે આરોપી ધ્વારા પોતાની દલીલ દરમ્યાન ફરિયાદીએ આરોપીને રૂા.૯૬,૦૦૦/- પુરા હાથ ઉછીના આપેલ નથી અને આપેલ હોય તો તે અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોય, ફરિયાદી કાયદેસરનું આરોપી પ્રત્યેનુ લેણુ પુરવાર કરી શકેલ નહોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી

મુકવા માંગણી કરેલ છે તેવી દલીલમાં લીધેલ બચાવ સંબંધે ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન કોઈ સવાલ ઉઠાવેલ નથી કે આ હકીકત પડકારેલ નથી. જેથી, આરોપી પક્ષની દલીલ કે હાથ ઉછીના રૂપિયા લીધેલ નથી અને આ રકમ આપેલ હોય તો તે અંગે ફરિયાદી તરફે કોઈ આધાર પુરાવો રજુ કરેલ ન હોય ગુન્હો પુરવાર થતો નથી તેવી દલીલ માની શકાય તેમ નથી. કારણ કે, આ કામે આરોપીએ સૌપ્રથમ એ સંતોષકારક રીતે પુરવાર કરવાનુ છે કે ચેક ફરિયાદી પાસે કેવી રીતે પહોંચ્યો. આ કામે આરોપીએ આંક-૦૯ થી રજુ ચેક તેમના ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૧૮(જ) મુજબ, ચેક ધારક યોગ્ય સમયે ધારક હોવાનું માનવાનું છે, તેથી આરોપીએ સાબિત કરવુ પડશે કે ચેક ફરિયાદીને આપવામાં આવ્યો ન હતો. આ તબકકે <u>૨૦૧૯ એ.આઈ.આર. (સુ.કો.)૪૬૧૭, એમ.અબ્બાસ હાજી વિરુઘ્ઘ ટી.એન.ચન્નાકેશવાના</u> ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીએ પોતાનો ચેક ફરિયાદી પાસે કેવી રીતે પહોંચેલ તે બાબતે ઉચિત પુરાવો કે ખુલાસો રજુ કરવો જોઈએ. આ કામે હાથ પરના કેસમાં પણ આંક-૦૯ થી રજુ ચેક ફરિયાદી પાસે કેવી રીતે ગયેલ તે સંતોષ કારક રીતે આરોપી જણાવી શકેલ નથી. તેવા સંજોગોમાં આંક-૦૮ થી રજુ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા પેટે ફરિયાદીને આપેલ હોવાનુ સ્પષ્ટ પુરવાર થાય છે. આ કામે આંક-૦૯ થી રજુ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા પેટે ફરિયાદીને આપેલ નથી તે બાબતે કોઈ સવાલ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન ઉઠાવેલ નથી કે પોતાના બચાવ

સંબંધેની સંભવિત હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ એ સ્પેશ્યલ એકટ હોય અને તેમાં સદર કાયદાની કલમ ૧૩૯ માં સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશનની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કામે આરોપી તરફે કલમ ૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશનનો રીબટલ પુરાવો આપેલ નથી અને આમ આ સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશનનું ખંડન થતું નથી અને આંક–૦૧ ની ફરિયાદ મુજબ આરોપી સામે કાયદેસરનો ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો બનતો હોય તેવુ સ્પષ્ટ થાય છે.

**૧૭..** હવે, આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ અદાલત એવા તારણ ઉપર આવેલ છે કે, ફરિયાદવાળો ચેક આરોપી દ્વારા ફરિયાદીને બાકી લેણાં પેટે આપેલ છે. ચેકમાંની સહી તથા હસ્તાક્ષર બાબતે આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરી તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી ત્યારે ચેકમાંની સહીનો આરોપી સ્વીકાર કરતા હોવાનુ આડકતરી રીતે સ્પષ્ટ જણાંઈ આવે છે અને જયારે સહી સ્વીકારવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૧૮(એ) તથા ૧૩૯ નુ અનુમાન કરવાનુ છે કે આરોપીએ તેની કાયદેસરની જવાબદારી પેટે ફરિયાદીને ચેક આપેલ છે. વધુમાં, સદરહુ ચેક ફરિયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે પણ કોઈ સચોટ પુરાવો આરોપી તરફે રજુ નથી કે તે બાબતે આરોપીએ પોતાના બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ એફ.એસ.માં પણ કોઈજ ઉચિત ખુલાસો કરવામાં આવેલ નથી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો <u>૨૦૨૨ જેએકસ(સુ.કો.)૯૯૭, પી. રસીયા વિરુધ્ધ અબ્દુલ નઝર અને બીજાઓ</u>નો ચુકાદો ધ્યાને લ ેવામાં આવે તો તેમાં ઠરાવ્યા મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ

એકટની કલમ ૧૩૯ એ એક વૈધાનિક ધારણા પુરી પાડે છે, ચેક અને હસ્તાક્ષર બાબતે આરોપીએ તકરાર ઉઠાવેલ ન હોય ત્યારે એવું માની લેવું જરૂરી છે કે ચેક દેવું અથવા જવાબદારીના નિકાલ માટે જારી કરવામાં આવ્યો છે. વધુમાં સદર ચુકાદામાં એવુ પણ પ્રસ્તાપિત કરેલ છે કે કલમ ૧૩૯ ના અનુમાનને કારણે ફરિયાદીએ (નેચર ઓફ ટ્રાન્ઝેકશન અથવા સોર્સ ઓફ ફંડ) વ્યવહારની પ્રકૃતિ અથવા ભંડોળના સ્ત્રોત બતાવવાની જરૂર નથી. આમ આરોપી તરફે દલીલમાં લીધેલ બચાવ અંગે કોઈ સંભવિત પુરાવો આ કામે રજુ નથી કે ફરિયાદ પક્ષે જે પુરાવો રજુ થયેલ છે તેને ખંડન કરતો પણ કોઈજ પુરાવો આરોપી તરફે રજુ નથી. જેથી, રજુ થયેલ પુરાવોઓને લક્ષમાં લેતાં આરોપી તરફેની દલીલ માનવા પાત્ર જણાતી નથી. જયારે ફરિયાદી તરફેની દલીલોમાં તથ્ય જણાય છે તેમ આ અદાલતનું માનવુ છે.

૧૮.. આમ, ઉપરોકત પેરાઓમાં વિગતવાર કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે કે આ કામે આંક–૦૯ વાળો અસલ ચેક આરોપીએ ફરિયાદી પાસેથી હાથઉછીની લીધેલ બાકી નીકળતી રકમની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો અને આરોપીએ તે રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો આચરેલ છે જે સામે આરોપીએ તે હકીકતનું ખંડન કરતો પુરાવો રજુ કરેલ નથી તેવા સંજોગોમાં તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયેના કાયદાકીય અનુમાન આધારે ફરિયાદીએ પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરેલ હોઈ મુદ્દા નંબર ર નો જવાબ પણ હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૩ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧૯.. **<u>મુદ્દા નંબર ૩ ની ચર્ચા :-</u>**

આમ, ઉપરોકત મુજબ રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો, દલીલો તેમજ વરીષ્ઠ તથા સર્વોચ્ચ અદાલતોએ ઠરાવેલ ચુકાદાઓમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતા તેમજ ઉપરોકત મુદ્દા નંબર ૧ અને ૨ માં કરેલ વિસ્તૃત ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો આક્ષેપીત ગુનો શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ આરોપીને તેની સામેના ગુના માટે તકસીરવાન ઠરાવવા ન્યાયોચીત જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

- આ કામના આરોપી **શકિતવિજય બલવંતસંગ રાવલ,** રહે.દરબાર ફળીયુ, અજીતસિંહ વાઘેલાના બંગલા સામે, મું.ભેરાઈ, તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.કલમ ૨૭૮(૨) અન્વયે તેની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે, સબબ કામ આરોપીને સજા માટે સાંભળવા મુલતવી.

- ઉપરોકત હુકમ આજ તા.૭મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૭.૦૫.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ 01199 ]

૨૦.. આ કામે સજા અંગે આરોપીને તેમજ આરોપી તરફેના વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખને તથા ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રી એસ.એન.શેખને સાંભળ્યા.

૨૧.. આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખએ રજુઆત કરેલ છે કે આરોપી રીક્ષા ડ્રાઈવીંગ કરી પોતાના કુટુંબનુ ગુજરાન ચલાવતા ગરીબ વર્ગના માણસ છે, આરોપી સિવાય ઘરમાં બીજુ કોઈ કમાનાર નથી, સમગ્ર કુટુંબની જવાબદારી આરોપીના શીરે છે. આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે અને વધુ સજા કરવામાં આવે તો તેમના સમાજમાં પ્રતિષ્ઠાને હાની પહોચે તેમ છે તેમજ તેમના કુટુંબમાં મુશ્કેલી પડે તેમ છે. જેથી, આરોપીની ઉંમર, શારીરિક સ્થિતિ તેમજ કૌટુંબિક જવાબદારીને ધ્યાનમાં લઈને ઓછામાં ઓછી સજા કરવા તથા વળતરનો હુકમ નહી કરવા રજુઆત કરેલી છે.

૨૨.. જયારે ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રી એસ.એન.શેખએ રજુઆત કરેલ છે કે આરોપીના કુટુંબને હેરાનગતી થાય તે રીતે જેનો ચેક પરત ફરેલ હોય તેને પણ ઘણી બધી મુશ્કેલીઓ પડે, કોર્ટના ધકકા ખાવા પડે, ખર્ચ કરવો પડે, આમ ફરિયાદીને પણ તેટલી જ તકલીફ પડે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી પોતે રીક્ષા ડ્રાઈવીંગ કરતા ગરીબ વર્ગના હોય ત્યારે ગરીબ વર્ગના માણસના જીવનમાં નાણાંકીય અગવડતા કેવો ભાગ ભજવે છે તેના તેઓ સારી રીતે જાણકાર છે. વધુમાં આવી રીતે ચેકો આપીને નાણાં મેળવી લઈ પરત નહી કરવાના બનાવો દિન પ્રતિદિન વધતા જાય છે જેથી સમાજમાં દાખલો બેસે તે રીતે મહત્તમ સજા કરવી જોઈએ અને ફરિયાદીને વધુમાં વધુ વળતર અપાવવું જોઈએ.

**૨૩..** આ અદાલતે ફરિયાદી તથા આરોપી તરફેની ઉપરોકત મુજબની રજુઆતો લક્ષમાં લીધેલ છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. હાલ સમાજમાં એક પક્ષકાર પાસેથી બીજો પક્ષકાર નાણાં મેળવી તે સામે ચેકો લખી આપે છે અને ચેકો વગર સ્વીકરાયે પરત થતાં રહે છે તેમજ આવા બનાવની ફરિયાદ કરનાર ફરિયાદીને તેના નાણાં પણ પરત કરતાં નથી તે ખુબ જ ગંભીર બાબત ગણાય અને આવા આર્થિક ગુન્હાઓનું પ્રમાણ દિન–પ્રતિદિન ખુબજ વધી રહયું છે જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે અને આવા આર્થિક ગુન્હાઓ આચરતા ઈસમોને ઉત્તેજન ન મળે અને સમાજમાં દાખલો બેસે તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો આર્થિક ગુનો છે અને દિન પ્રતિદિન ચેક પરત ફર્યાના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહેલ છે. જેથી આવા ગુનામાં હળવાશ રાખવાથી સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે અને આવા ગુનામાં બી.એન.એસ.એસ. કલમ ૪૦૧ અથવા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સની જોગવાઈઓનો કોઈપણ રીતે લાભ આપવો ન્યાયી જણાતુ નથી, પરંતુ કેસની હકીકતો અને ચેકની રકમ ઘ્યાને લેતાં આરોપીને મહત્તમ સજા ન કરતા મહત્તમ સજાથી ઓછી સજા કરવા માટે વ્યાજબી કારણ હોવાનુ જણાઈ આવે છે.

**૨૪..** આરોપી સામે પુરવાર થયેલ ગુનો જોતાં આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ કેદની સજા બે વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે છે. આ કામે ફરિયાદી તરફેની રજુઆત મુજબ આરોપીએ ચેકની રકમ ચુકવેલ નથી તેથી તેઓને ઘણું એવું

આર્થિક નુકસાન થયેલ છે, જેથી આ કામે ફરિયાદીને આરોપી પાસેથી બી.એન.એસ.એસ. ની કલમ ૩૯૫ મુજબ વળતર અપાવવું ન્યાયોચિત જણાય છે. વળતરની રકમ નકકી કરતી વખતે મેજિસ્ટ્રેટશ્રીએ એવી વિચારણા કરવાની છે કે ફરિયાદીને વળતર ચુકવવા અંગે એવોર્ડ કરવાની સત્તા છે. આમ, જયારે મેજિસ્ટ્રેટશ્રીને લાગે કે, ફરિયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરિયાદીને વળતર અંગે હુકમ કરી શકે છે, જે બી.એન.એસ.એસ.કલમ ૩૯૫ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશ્નો ટ્રાયલ કોર્ટે વિચારવાના રહે છે. <u>૨૦૦૧ એ.આઈ.આર.(સુ.કો.)૫૬૭, પંકજભાઇ નગીનદાસ પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત</u>ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ચેકની પુરેપુરી રકમ ફરિયાદીને વળતર તરીકે ચુકવી આપવા માટે હુકમ કરેલ. જેથી મેજિસ્ટ્રેટશ્રી ફરિયાદી તથા આરોપીને સાંભળી વ્યાજબી વળતરનો હુકમ નકકી કરી શકશે. <u>નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૧ એ.આઈ.આર.(સુ.કો.) ૨૫૬૬, કૌશલ્યા દેવી મસંદ વિ.રૂપકિશોર ખોર</u>ના ચુકાદામાં ઠરાવેલ છે કે, " the offence under Section 138 of the N.I. Act is almost in the nature of civil wrong which has been given criminal overtone, and imposition of fine payable as compensation is sufficient to meet the ends of justice." વધુમાં <u>નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૨) જી.એલ.એચ.૧૩૫૩, આર.વિજયન વિ.બેબી અને બીજા</u>ઓના ચુકાદામાં ઠરાવેલ છે કે, "the direction to pay the compensation by way of restitution in regard to the loss on account of the dishonour of the cheque should be practical and realistic.

So, in a prosecution under Section 138 of the N.I.Act, the compensatory aspect of remedy should be given much priority over punitive aspect." આમ, ફરિયાદીના વિ.વકીલશ્રીની રજુઆત અને આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેતાં તથા સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતાં ધ્યાને લેતાં ફરિયાદીને વળતર પેટે ચેકની રકમ ચુકવી આપવામાં આવે તો ફરિયાદીને આર્થિક નુકસાન ન જાય અને આ પ્રકારના ગુના આચરનારાઓને યોગ્ય નશ્યત મળી રહે અને સમાજમાં યોગ્ય સંદેશો પહોંચે. આમ ઉપરોકત મુજબની કરેલી તમામ ચર્ચાઓને ધ્યાને લઈને ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આ કામના આરોપી **શકિતવિજય બલવંતસંગ રાવલ,** રહે.દરબાર ફળીયુ, અજીતસિંહ વાઘેલાના બંગલા સામે, મું.ભેરાઈ, તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.કલમ ૨૭૮(૨) અન્વયે તેની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના માટે છ માસની સાદી કેદની સજા ભોગવવાનું ફરમાવવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ. કલમ ૩૯૫(૩) અનુસાર આરોપીએ રૂા.૯૬,૦૦૦/-(અંકે રૂપિયા છન્નુ હજાર પુરા) ફરિયાદીને વળતર પેટે આ હુકમની તારીખથી ત્રણ માસની અંદર ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. બી.એન.એસ.એસ.ની કલમ ૪૦૪ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત કરેલ નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

૪. આરોપીના કોઈ જામીન ખત મેળવવામાં આવેલ હોય તો તે આથી રદ ગણવા.

– ઉપરોકત હુકમ આજ તા.૭મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૭.૦૫.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ 01199 ]